# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પાસે રાજ્યોના પડતર બિલ અંગેના નિર્દેશ મામલે રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટ પાસે 14 મુદ્દાઓ ઉપર સ્પષ્ટીકરણ માંગ્યુ.
2. જવાનોને મળવા શ્રીનગર પહોંચેલા સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે ઓપરેશન સિંદૂરને  ઇતિહાસની સૌથી મોટી કાર્યવાહી ગણાવી
3. જમ્મુ-કાશ્મીરના અંવતીપોરામાં ત્રણ આતંકવાદીઓને ઠાર; મણિપુરમાં મ્યાનમારની સરહદ પર દસ શંકાસ્પદ આતંકવાદીઓને ઢાળી દેવાયાં.
4. લખનોમાં બસમાં આગ લાગતાં બે બાળકો સહિત પાંચના મોત.
5. બિહારમાં ચાલી રહેલા ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સનું આજે સમાપન.

..........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PRESIDENT-MURMU/SC-OPINION

તામિલનાડુ પડતર બિલ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુપ્રીમ કોર્ટને એક સંદર્ભ મોકલીને બંધારણીય રીતે નિર્ધારિત સમય મર્યાદાના અભાવે રાજ્યપાલોને બિલો પર કાર્યવાહી કરવા માટે સમયમર્યાદા લાદી શકાય કે તેના પર વિચારણા કરવા જણાવ્યુ છે. બંધારણની કલમ 143(1)માં રાષ્ટ્રપતિને કાનૂની અને જાહેર હિતના મુદ્દાઓ અંગે સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય માંગવાની જોગવાઈ છે

રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટને તેના અભિપ્રાય માટે 14 મુદ્દાસર સવાલો મોકલ્યા છે, અને ભાર મૂક્યો છે કે રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ દ્વારા બિલોને મંજૂરી આપવાની પ્રક્રિયાને સંચાલિત કરતી બંધારણની કલમ 200 અને 201 કોઈ સમયમર્યાદા અથવા ચોક્કસ પ્રક્રિયાગત આવશ્યકતાઓ નિર્ધારિત કરતી નથી.

રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટને બંધારણની કલમ 200 હેઠળ રાજ્યપાલ સમક્ષ બિલ રજૂ કરવામાં આવે ત્યારે તેમને ઉપલબ્ધ બંધારણીય વિકલ્પો પર પોતાનો અભિપ્રાય જણાવવા કહ્યું. વધુમાં, તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે શું રાજ્યપાલ દ્વારા બિલો પર બંધારણીય વિવેકબુદ્ધિનો ઉપયોગ ન્યાયી છે, જ્યારે બંધારણની કલમ 361 રાજ્યપાલની કાર્યવાહીના સંબંધમાં ન્યાયિક સમીક્ષા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકે છે.

# RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શ્રીનગરની મુલાકાત દરમિયાન કહ્યું કે, ઓપરેશન સિંદૂર ઇતિહાસની સૌથી મોટી સૈન્ય કાર્યવાહી છે. શ્રી સિંહ આજે જમ્મુ અને કાશ્મીરની મુલાકાતના ભાગ રૂપે શ્રીનગર છે. તેઓ ઓપરેશન સિંદૂર પછીની જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે શ્રીનગર પહોંચ્યા છે. રાજનાથ સિંહે શ્રીનગરમાં સેનાના 15 કોર્પ્સના મુખ્યાલયની પણ મુલાકાત લીધી હતી જ્યાં તેમને ઓપરેશન સિંદૂરના પગલે ઓપરેશનલ તૈયારીઓ અને વિકાસના તમામ પાસાઓ વિશે માહિતી આપવામાં આવી રહી છે.

સંરક્ષણ મંત્રી સેનાના સૈનિકોને પણ મળ્યા હતા અને ઓપરેશન સિંદૂરની સફળતા માટે તેમની પ્રશંસા કરી હતી. રાજનાથસિંહે કહ્યું કે, દેશના જવાનો ઉપર ભારતને ગર્વ છે. તેમણે ઓપરેશન સિંદૂરમાં શહિદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલી અર્પી હતી.

## (બાઇટ- રાજનાથસિંહ)

# ENCOUNTER

જમ્મુ કાશ્મીરના અવંતીપોરાના ત્રાલ વિસ્તારના નદેર લોરગામમાં ગુરુવાર સવારથી ચાલી રહેલી અથડામણમાં સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે.

એક અધિકારીએ જણાવ્યું કે ગયેલા આતંકવાદીઓની ઓળખ હજુ સુધી થઈ નથી. હાલમાં આ વિસ્તારમાં ઓપરેશન ચાલી રહ્યું છે. નોંધનીય છે કે, મંગળવારે શોપિયામાં એક એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ લશ્કર-એ-તૈયબાના ઓપરેશનલ કમાન્ડર શાહિદ કુટ્ટે સહિત ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

# INDO MAYANMAR BORDER -INSURGENTS KILLED

ભારતીય સેનાના પૂર્વીય કમાન્ડે મણિપુરના ચંદેલ જિલ્લામાં એક શંકાસ્પદ આતંકવાદી જૂથના 10 સભ્યોને ઠાર કર્યા છે. કમાન્ડે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે ચોક્કસ ગુપ્તચર અહેવાલના આધારે, આ વિસ્તારમાં એક ઓપરેશન શરૂ કરાયું હતું.

ઓપરેશન દરમિયાન, આતંકવાદી જૂથે સેના પર હુમલો કર્યો અને જવાબી કાર્યવાહીમાં 10 આતંકવાદી માર્યા ગયા. સેનાએ મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. આતંકીઓને શોધવા માટે ઓપરેશન ચાલી રહ્યું છે.

# J&K- MATA VAISHNO DEVI

જમ્મુ અને કાશ્મીરમાં શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે ભક્તોની સુવિધા માટે અનેક પગલાં જાહેર કર્યા છે. જેમાં નિશુલ્ક આરતી દર્શન અને રહેવાની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. અમારા જમ્મુ સંવાદદાતાએ માહિતી આપી હતી કે ભારત અને પાકિસ્તાન વચ્ચે તાજેતરમાં યુદ્ધવિરામ થયા બાદ શ્રદ્ધાળુઓ ધીમે ધીમે ફરીથી વૈષ્ણોદેવી આવવા લાગ્યા છે. શ્રાઈન બોર્ડના તાજેતરમાં જાહેર કરાયેલા પગલાંથી શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધુ વધારો થશે.

જમ્મુ હવાઈ મથકેથી ફ્લાઇટ્સ પણ શરૂ થઈ ગઈ છે. શ્રાઈન બોર્ડ ઓનલાઈન બુકિંગ અને કાઉન્ટર બુકિંગ દ્વારા હવાઈ મુસાફરીની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LUCKNOW BUS ACCIDENT

લખનૌમાં આજે એક ચાલતી બસમાં ભીષણ આગ લાગવાથી બે બાળકો સહિત 5 લોકોના મોત થયા છે. સ્લીપર બસ બિહારથી દિલ્હી જઈ રહી હતી, ત્યારે લખનૌના મોહનલાલગંજ નજીક કિસાન પથ પર અચાનક આગ લાગી. અકસ્માત સમયે મોટાભાગના મુસાફરો સૂઈ રહ્યા હતા.

લખનૌ દક્ષિણના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ નિપુણ અગ્રવાલે જણાવ્યું કે બસમાં લગભગ 70 લોકો હતા. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે બસનો ઇમરજન્સી ગેટ ન ખુલતા પાછળ બેઠેલા મુસાફરો ફસાઈ ગયા હતા અને સમયસર બહાર નીકળી શક્યા ન હતા. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# IMD- WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 2-3 દિવસ દરમિયાન દેશના પૂર્વ, પશ્ચિમ, મધ્ય અને ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. આ સાથે 17 મે સુધી પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, રાજસ્થાન, કોંકણ, ગોવા, મહારાષ્ટ્ર, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. આગામી 2 દિવસ દરમિયાન મહારાષ્ટ્ર, તમિલનાડુ પુડુચેરી, કરાઈકલ, કર્ણાટક, કેરળ, આંદામાન- નિકોબાર ટાપુઓ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ વરસાદની આગાહી છે.

# DAY BIHAR KHELO INDIA

ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સનું આજે સમાપન થશે. સાંજે સાડા 6 વાગ્યે બિહારના પટનાના કાંકરબાગ સ્થિત પાટલીપુત્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે મનોરંજક સમારોહ સાથે યૂથ ગેમ્સ પૂર્ણ થશે. સમાપન સમારોહમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા નિખિલ ખડસે, બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સહિતના મહાનુભાવો હાજરી આપશે. યુથ ગેમ્સ આ મહિનાની 4 તારીખે શરૂ થઈ હતી.

આજે છેલ્લા દિવસે, પટના અને રાજગીર ખાતે બાસ્કેટબોલ, કુસ્તી અને ફેન્સિંગમાં ચંદ્રક માટે નિર્ણાયક સ્પર્ધાઓ રમાઈ રહી છે. પુરુષોની બાસ્કેટબોલમાં આજે સવારે તમિલનાડુએ દિલ્હીને હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો જ્યારે પંજાબની મહિલા ટીમે મહારાષ્ટ્રને હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

સ્પર્ધામાં મહારાષ્ટ્ર 56 સુવર્ણ અને 45 રજત સહિત 149 ચંદ્રક સાથે પ્રથમ ક્રમે છે.

# MORN. RUSSIA - UKRAINE TALKS

રશિયાએ જાહેરાત કરી છે કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન રશિયા અને યુક્રેન વચ્ચેની પ્રત્યક્ષ શાંતિ વાટાઘાટોમાં ઉપસ્થિત રહેશે નહીં. આ વાટાઘાટો આજે તુર્કીના ઇસ્તંબુલમાં શરૂ થવાની છે. રશિયાએ પુષ્ટિ કરી કે રાષ્ટ્રપતિ પુતિનના સહાયક વ્લાદિમીર મેડિન્સ્કી રશિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. પ્રતિનિધિમંડળમાં રશિયાના નાયબ વિદેશમંત્રી મિખાઇલ ગાલુઝિન, જનરલ સ્ટાફ ડિરેક્ટર ઇગોર કોસ્ટ્યુકોવ અને નાયબ સંરક્ષણ મંત્રી એલેક્ઝાન્ડર ફોમિનનો સમાવેશ થાય છે.

અગાઉ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રાષ્ટ્રપતિ પુતિનને વ્યક્તિગત રીતે મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ આ સીધી વાતચીતને સફળ બનાવવા માટે શક્ય તમામ પ્રયાસો કરશે.

# PAKISTAN- FAISAL

પાકિસ્તાન જાહેરમાં આતંકવાદ સામે લડવાની વાતો કરે છે, પરંતુ વૈશ્વિક સ્તરે પ્રતિબંધિત આતંકવાદીઓને પોષવાનું ચાલુ રાખ્યું છે.

પાકિસ્તાનમાં રાજકારણ અને આતંકવાદ વચ્ચેના સાઠગાઠ હોવાના પુરાવા આપતી એક ઘટના સામે આવી છે. મુંબઇના 26/11ના હુમલાના માસ્ટરમાઇન્ડ હાફિઝ સઈદના ભત્રીજા અને ફૈઝલ નદીમ ઉર્ફે અબુ કતલે, તાજેતરમાં કરાચીમાં એક રાજકીય રેલીને સંબોધી હતી. ફૈઝલ નદીમ જે રીતે રેલીને સંબોધતો જણાઇ રહ્યો છે તે  દર્શાવે છે કે તે પાકિસ્તાનના રાજકીય જીવનનો સક્રિય ભાગ છે.

ઉગ્રવાદીઓ અને આતંકવાદીઓને પાળવાનું લાંબા સમયથી પાકિસ્તાનની રાજનીતિનું મુખ્ય લક્ષણ રહ્યું છે. ફૈઝલ નદીમનો આ કિસ્સો આતંકવાદ સામે કાર્યવાહી કરવામાં ઇસ્લામાબાદના બેવડા વલણને છતું કરે છે.

# ADD. OP SINDOOR - GLOBAL

અફઘાનિસ્તાનના નિર્વાસિત સંસદ સભ્ય મરિયમ સોલેમનખિલે ભારતના ઓપરેશન સિંદૂરને મજબૂત સમર્થન આપી આ ઓપરેશનને આતંકવાદ સામે જરૂરી પગલું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, પાકિસ્તાન લાંબા સમયથી આતંકવાદી પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું છે અને કાશ્મીરમાં નિર્દોષ નાગરિકોના મૃત્યુ માટે જવાબદાર છે.

તેમણે પાકિસ્તાન પર દાયકાઓથી જૂઠાણું ફેલાવવાનો પણ આરોપ મૂક્યો હતો, સોલેમનખિલે ભાર મૂક્યો હતો કે આતંકવાદ માટે પાકિસ્તાનના સમર્થનથી માત્ર તેના પડોશીઓને જ નહીં પરંતુ તેના દેશના લોકોને પણ નુકસાન થયું છે.

# INDIA UN TERROR

પહેલગામ આતંકવાદી હુમલા બાદ આતંકવાદ સામેની લડાઈમાં સહયોગ વધારવા વ્યાપક ચર્ચા માટે ભારતીય ટેકનિકલ ટીમે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના આતંકવાદ વિરોધી અધિકારીઓ સાથે મુલાકાત કરી. બેઠક દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રના આતંકવાદ વિરોધી કાર્યાલયના મહાસચિવ વ્લાદિમીર વોરોન્કોવ અને આતંકવાદ વિરોધી કાર્યકારી સમિતિના સહાયક મહાસચિવ નતાલિયા ગિરમને સુરક્ષા પરિષદના આતંકવાદ વિરોધી ઠરાવ અને સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક આતંકવાદ વિરોધી વ્યૂહરચનાના અમલીકરણમાં સહકાર વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

આ સાથે જ બંને અધિકારીઓએ પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય પ્રતિનિધિમંડળ સુરક્ષા પરિષદ સમિતિની દેખરેખ ટીમને પણ મળ્યું હતું.